# ગર્ભાવસ્થામાં ડાઉન્સ સિન્ડ્રોમ માટે સ્ક્રિનીંગ

આ પત્રિકા એવા પરીક્ષણો સમજાવે છે જે ગર્ભાવસ્થા દરમિયાન એ જાણવા માટે કરી શકાય છે કે આપના શિશુને ડાઉન્સ સિન્ડ્રોમ છે કે નહીં. જેમને એવું જાણવા મળે કે તેમનું શિશુ ડાઉન્સ સિન્ડ્રોમની વધારે શક્યતા ધરાવે છે તેવી મહિલાઓ નિદાનાત્મક પરીક્ષણ કરાવી શકે છે. આ પરીક્ષણને એમ્નિયોસેન્ટેસિસ કહે છે. આ પરીક્ષણ કરાવવું કે નહીં તે આપ પસંદ કરી શકો છો.

## ડાઉન્સ સિન્ડ્રોમ શું છે?

ડાઉન્સ સિન્ડ્રોમ એ જીનેટિક સ્થિતિ છે જે વધારાના રંગસૂત્રથી થાય છે. ડાઉન્સ સિન્ડ્રોમ ધરાવતી વ્યક્તિ સામાન્ય 46ને બદલે 47 રંગસૂત્રો ધરાવે છે.

ડાઉન્સ સિન્ડ્રોમ ધરાવતી વ્યક્તિઓ વિવિધ રીતે અસરગ્રસ્ત હોય છે. બધાને શીખવા અંગેની કોઇ અક્ષમતા હોય છે. કેટલાંક લોકો માટે આ બાબત હળવી હોય છે, જ્યારે અન્યો માટે તે વધુ તીવ્ર હોય છે. મોટાભાગનાં લોકો લગભગ સ્વતંત્ર રીતે પુખ્ત વયની જિંદગી જીવી શકે છે પરંતુ કેટલાંક લોકોને અન્યો કરતાં વધુ સહકારની જરૂર પડે છે. કેટલાંક લોકો હૃદયની સમસ્યાઓ જેવી તબીબી સ્થિતિઓ પણ ધરાવે છે. આમાંની ઘણી સ્થિતિઓની સારવાર કરી શકાય છે.

## ડાઉન્સ સિન્ડ્રોમ ધરાવતું બાળક મને અવતરે તેની શક્યતાઓ શું છે?

ડાઉન્સ સિન્ડ્રોમ 500 ગર્ભાવસ્થાઓમાંથી લગભગ 1માં થાય છે.  તે સામાન્ય રીતે કુટુંબોમાં વારસામાં આવતો નથી. બધી મહિલાઓને ડાઉન્સ સિન્ડ્રોમ ધરાવતું શિશુ આવે તેની શક્યતા હોય છે. આપની ઉંમર વધે તેમ તેમ આ શક્યતા વધે છે પરંતુ યુવાન મહિલાઓને પણ ડાઉન્સ સિન્ડ્રોમ ધરાવતા બાળકો જન્મી શકે છે. આ કારણસર, બધી ઉંમરની મહિલાઓને સ્ક્રિનીંગ પરીક્ષણ ઑફર કરવામાં આવે છે.

સ્ક્રિનીંગ પરીક્ષણનું પરિણામ આપને આ ગર્ભાવસ્થામાં ડાઉન્સ સિન્ડ્રોમ ધરાવતું બાળક આવવાની આપની શક્યતા વિશે કહેશે.

## સ્ક્રિનીંગ પરીક્ષણનું પરિણામ શું કહેશે?

ડાઉન્સ સિન્ડ્રોમ માટે ઘણાં સ્ક્રિનીંગ પરીક્ષણો છે. આમાંનાં કોઇપણ પરીક્ષણો ચોક્કસપણે બતાવતા નથી કે બાળકને ડાઉન્સ સિન્ડ્રોમ છે કે નહીં. આપના બાળકને ડાઉન્સ સિન્ડ્રોમ થવાની શક્યતા કેટલી છે તે આ પરીક્ષણો બતાવે છે.

સ્ક્રિનીંગ પરીક્ષણ ડાઉન્સ સિન્ડ્રોમથી અસરગ્રસ્ત બધા બાળકોને પારખતું નથી. સરેરાશ રીતે જોઇએ તો, ડાઉન્સ સિન્ડ્રોમ ધરાવતા પ્રત્યેક 10 બાળકોએ માત્ર સાત જ બાળકોનો રોગ સ્ક્રિનીંગમાં પકડાય છે. આનો અર્થ એ છે કે ડાઉન્સ સિન્ડ્રોમ ધરાવતા પ્રત્યેક 10 બાળકોમાંથી ત્રણ બાળકો પરખાશે નહીં.

## ડાઉન્સ સિન્ડ્રોમ માટેના સ્ક્રિનીંગના કોઇપણ જોખમો છે?

સ્ક્રિનીંગ એ લોહીનું સરળ પરીક્ષણ છે. એકમાત્ર જોખમ એ કોઇપણ લોહીનું પરીક્ષણ કરાવતી વખતે હોય તેવા જોખમ જેવું જ હોય છે.

Information for Women

© Velindre NHS Trust

## ડાઉન્સ સિન્ડ્રોમ માટે સ્ક્રિનીંગ કરાવવાના લાભો શું છે?

જો આપનું બાળક ડાઉન્સ સિન્ડ્રોમ ધરાવતું હોય તો ગર્ભાવસ્થા ચાલુ રાખવી કે નહીં તે અંગે આપ નિર્ણય કરી શકો છો.

## ડાઉન્સ સિન્ડ્રોમ માટે સ્ક્રિનીંગ કરાવવાના ગેરલાભો શું છે?

પરીક્ષણ કરાવવાથી આપ ચિંતિત થઈ શકો છો ખાસ કરીને જો આપ એવું પરિણામ મેળવો જે બતાવતું હોય કે આપને ડાઉન્સ સિન્ડ્રોમ ધરાવતું બાળક આવવાની શક્યતા વધારે છે. જો પરિણામ 2માંથી 1 અને 150માંથી 1ની વચ્ચે હોય તો અમે તેને ઊંચી શક્યતા તરીકે વર્ણવીએ છીએ. જો પરિણામ 2માંથી 1 અને 150માંથી 1ની વચ્ચે હોય તો આપના બાળકને ખરેખર ડાઉન્સ સિન્ડ્રોમ છે કે કેમ તે જોવા માટે આપને પરીક્ષણ ઑફર કરવામાં આવશે. નિદાનાત્મક પરીક્ષણોથી કસુવાવડ થઈ શકે તેમ હોવાથી ઘણી મહિલાઓને આ મુશ્કેલ નિર્ણય લાગે છે. કેટલીક મહિલાઓ તેમણે સ્ક્રિનીંગ પરીક્ષણ ન કરાવ્યું હોત તો સારું હોત કારણ કે આ નિર્ણય લેવો મુશ્કેલ છે.

## શું મારે ડાઉન્સ સિન્ડ્રોમ માટે પરીક્ષણ કરાવવું જોઈએ?

પરીક્ષણ કરાવવું કે નહીં તે માત્ર આપ જ નક્કી કરી શકો. કેટલીક મહિલાઓ એવું જાણવા માંગે છે કે તેમના શિશુને ડાઉન્સ સિન્ડ્રોમ છે કે નહીં અને કેટલીક જાણવા માંગતી નથી. વેલ્સમાં બધી હૉસ્પિટલો મહિલાઓને ડાઉન્સ સિન્ડ્રોમ માટેનું પરીક્ષણ ઑફર કરે છે પરંતુ આ પરીક્ષણ કરાવવું કે નહીં તેનો નિર્ણય આપનો છે. આપ શું કરવા માંગો છો તે અંગે આપ આપની દાયણ સાથે ચર્ચા કરી શકો છો. આપ ગમે તે નક્કી કરો તેઓ આપને સહકાર આપશે.

## કયા સ્ક્રિનીંગ પરીક્ષણો ઑફર કરવામાં આવશે?

લોહીનું પરીક્ષણ કરાવતા પહેલાં આપને અલ્ટ્રાસાઉન્ડ સ્કેનની જરૂર પડશે. લોહીનું પરીક્ષણ ગર્ભાવસ્થાનાં ૧૫ અઠવાડિયાથી લઈને ૧૮ અઠવાડિયા સુધી કરી શકાય છે.

જો આપ જોડિયા બાળકો કે વધુ બાળકો ધરાવતા હો તો આપ વેલ્સમાં ઑફર કરવામાં આવતું પરીક્ષણ કરાવી શકશો નહીં.

સ્ક્રિનીંગ પરીક્ષણ સામાન્ય રીતે ગર્ભાવસ્થાનાં 18 અઠવાડિયા બાદ ઑફર કરવામાં આવતું નથી. જો આપ 18 અઠવાડિયાથી વધુ સમય માટે ગર્ભવતી હો અને ડાઉન્સ સિન્ડ્રોમનું સ્ક્રિનીંગ કરાવવા માંગતા હો તો આપે આપની દાયણ કે હૉસ્પિટલનાં ડૉક્ટર (ઑબ્સ્ટેટ્રિશિયન) સાથે આ અંગે ચર્ચા કરવાની જરૂર પડશે.

## હું પરીક્ષણ ક્યાં કરાવી શકું?

આપની દાયણ આપને કહેશે કે પરીક્ષણ ક્યાં કરી શકાય.

### પરિણામો

આપ સામાન્ય રીતે બે અઠવાડિયાની અંદર આપના લોહીના પરીક્ષણનું પરિણામ મેળવશો.

## મારા પરિણામો ગુપ્ત રહેશે?

NHS બધા પરીક્ષણોનાં પરિણામો ગુપ્ત રાખે છે. કેટલાં લોકો આપના પરીક્ષણનાં પરિણામોની પહોંચ ધરાવશે તે અંગેની હૉસ્પિટલની નીતિઓમાં ફેરફાર હોઈ શકે છે. આપની દાયણ આપને સ્થાનિક વ્યવસ્થાઓ અંગે સમજાવી શકશે.

Information for Women

© Velindre NHS Trust

## હું મારા સ્ક્રિનીંગનાં પરીક્ષણનું પરિણામ કઈ રીતે મેળવીશ?

આપ પરીક્ષણનું પરિણામ કેવી રીતે અને ક્યારે મેળવશો તે આપના દાયણ આપને કહેશે. પરિણામો ‘વધુ શક્યતા’ કે ‘ઓછી શક્યતા’ તરીકે આપવામાં આવે છે.

## હું ઓછી શક્યતા ધરાવતું પરિણામ મેળવું તો શું થશે?

જો પરિણામ બતાવે કે આપને ડાઉન્સ સિન્ડ્રોમ ધરાવતું બાળક આવવાની શક્યતા ઓછી છે તો વધુ કોઈપણ પરીક્ષણો ઑફર કરવામાં આવશે નહીં. કૃપા કરીને યાદ રાખો કે ઓછી શક્યતાનો અર્થ એ નથી કે આપને ડાઉન્સ સિન્ડ્રોમ ધરાવતું બાળક આવવાની શક્યતા **નથી.**

## હું વધુ શક્યતા ધરાવતું પરિણામ મેળવું તો શું થશે?

જો આપના પરીક્ષણનું પરિણામ બતાવે કે આપને ડાઉન્સ સિન્ડ્રોમ ધરાવતું બાળક આવવાની શક્યતા વધારે છે (એટલે કે, 2માં 1 અને 150માં 1), તો આપને દાયણ કે ડૉક્ટર સાથેની અપોઈન્ટમેન્ટ ઑફર કરવામાં આવશે. તેઓ આપને પરીક્ષણનું પરિણામ સમજાવશે અને આપ નિદાનાત્મક પરીક્ષણ કરાવવા માંગો છો કે કેમ તેની આપ ચર્ચા કરી શકો છો. નિદાનાત્મક પરીક્ષણ બાદ આપ કેટલીક મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરી શકો છો જેના અંગે આપનું પરીક્ષણ કરવામાં આવે તે પહેલાં આપને ખ્યાલ હોવો જરૂરી છે.

યાદ રહે કે આંકડો જેટલો ઓછો હોય તેટલી શક્યતા વધારે છે. દાખલા તરીકે, 80માંથી 1 એ 400માંથી 1 કરતાં વધારે શક્યતા છે.

3% અને 5% વચ્ચેની મહિલાઓ (એટલે કે, 100માંથી ત્રણ અને પાંચની વચ્ચે) કે જેમણે સ્ક્રિનીંગ પરીક્ષણ કરાવ્યું હોય તેઓ એવું પરિણામ ધરાવે છે જે બતાવતું હોય કે તેમને ડાઉન્સ સિન્ડ્રોમ ધરાવતું બાળક આવવાની શક્યતા વધારે છે.

વેલ્સમાં NHS દ્વારા ઑફર કરવામાં આવતા લોહીના પરીક્ષણોનાં પરિણામોનું નિયમન કરવામાં આવે છે.

કેટલીક મહિલાઓ ડાઉન્સ સિન્ડ્રોમનું સ્ક્રિનીંગ કરાવવા માટે ખાનગીમાં ચૂકવે છે. ખાનગી ક્લિનિક્સ દ્વારા કરવામાં આવતા સ્ક્રિનીંગનું નિયમન NHS દ્વારા કરવામાં આવતું નથી. આનો અર્થ એ છે કે ખાનગી ક્લિનિક્સ દ્વારા કરવામાં આવતા કોઈપણ સ્ક્રિનીંગ પરીક્ષણોની ગુણવત્તા અને ચોકસાઈ વિશે આપની દાયણ પાસે કોઈ માહિતી નહીં હોય. NHS પરીક્ષણમાં જેમ બને છે તેમ ખાનગી પરીક્ષણ આપને કહી શકશે નહીં કે આપના બાળકને ડાઉન્સ સિન્ડ્રોમ છે કે નહીં.

# ડાઉન્સ સિન્ડ્રોમ માટે નિદાનાત્મક પરીક્ષણ

## નિદાનાત્મક પરીક્ષણો શું છે?

જો આપને ડાઉન્સ સિન્ડ્રોમ ધરાવતું બાળક આવવાની શક્યતા વધારે હોય તો આપને નિદાનાત્મક પરીક્ષણની ઑફર કરવામાં આવશે.

જો આપ સ્ક્રિનીંગ પરીક્ષણ કરાવો તો આપને ઑફર કરવામાં આવી શકે તેવા નિદાનાત્મક પરીક્ષણો વિશે આ પત્રિકા થોડી મૂળભૂત માહિતી આપે છે.

### એમ્નિઓસેન્ટેસિસ શું છે?

એમ્નિઓસેન્ટેસિસ એ ગર્ભમાં બાળકની આસપાસથી લગભગ 15થી 20 મિલી (એટલે કે, ત્રણથી ચાર ચમચી) એમ્નિઓટિક પ્રવાહી દૂર કરવાની વિધિ છે. આ પ્રવાહીમાં તરતા આપના બાળકના કોષોનું પરીક્ષણ પ્રયોગશાળામાં થઈ શકે છે જેમાં બાળકનાં રંગસૂત્રો જોઈ શકાય છે.

આપને 15 અઠવાડિયાનો ગર્ભ હોય ત્યારબાદ તે કરી શકાય છે.

એમ્નિઓસેન્ટેસિસમાં થોડા જોખમનો સમાવેશ થાય છે. 100માંથી 1 ગર્ભાવસ્થાઓમાં (1%) તેનાથી કસુવાવડ થાય છે.

Information for Women

© Velindre NHS Trust

## નિદાનાત્મક પરીક્ષણનું પરિણામ મને શું કહેશે?

આપનું બાળક ડાઉન્સ સિન્ડ્રોમ ધરાવે છે કે કેમ તે પરિણામ આપને કહેશે. જો બાળકને ડાઉન્સ સિન્ડ્રોમ હોય તો ડાઉન્સ સિન્ડ્રોમ ધરાવતા બાળકના જન્મ માટે તૈયારી કરવી કે આપની ગર્ભાવસ્થાનો અંત લાવવો તે આપ નક્કી કરી શકો છો.

રંગસૂત્રોના પરીક્ષણો રંગસૂત્રોની અન્ય અસામાન્યતાઓ તેમજ ડાઉન્સ સિન્ડ્રોમને પારખી શકે છે અને જો આપને એમ્નિઓસેન્ટેસિસ ઑફર કરવામાં આવે તો આ અંગે આપને સમજાવવામાં આવશે.

## વધુ માહિતી

આપ આપની દાયણ, આપના હૉસ્પિટલનાં ડૉક્ટર (આપના ઓબ્સ્ટેટ્રિશિયન) અથવા www.antenatalscreening.org તરફથી ડાઉન્સ સિન્ડ્રોમનાં સ્ક્રિનીંગ વિશે વધુ માહિતી મેળવી શકો છો.

### એન્ટીનેટલ રિઝલ્ટ્સ ઍન્ડ ચોઈસિઝ (ARC)

73 Charlotte Street
London
W1T 4PN
હેલ્પલાઈનઃ 020 7631 0285
ઈ-મેઈલઃ info@arc-uk.org
વેબસાઈટઃ www.arc-uk.org

### ડાઉન્સ સિન્ડ્રોમ એસોસિએશન (DSA)

Langdon Down Centre
2a Langdon Park
Teddington
TW11 9PS
ફોનઃ 0845 230 0372
ફેક્સઃ 0845 230 0373
ઈ-મેઈલઃ info@downs-syndrome.org.uk
વેબસાઈટઃ www.downs-syndrome.org.uk

© કૉપીરાઈટ 2010 પબ્લિક હેલ્થ વેલ્સ NHS ટ્રસ્ટ. સર્વાધિકાર સુરક્ષિત. કૉપીરાઈટ માલિકની પરવાનગી વિના સંપૂર્ણ કે આંશિક રીતે પુનઃઉત્પાદન થઈ શકશે નહીં.
www.antenatalscreening.org
એપ્રિલ 2010
DS 9મી આવૃત્તિ

Information for Women

© Velindre NHS Trust